# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-06-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-CDRI:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આફ્રિકન યુનિયન દ્વારા આપત્તિ સ્થિતિસ્થાપક માળખાગત પરિષદ એટલે કે **CDRI 2025**માં જોડાયા તે અંગે ખુશી વ્યક્ત કરી હતી. **CDRI 2025**ને એક વિડિઓ સંદેશ દ્વારા સંબોધતા, પ્રધાનમંત્રીએ કાર્યક્ષમ કાર્યક્રમો ડિઝાઇન કરવાની અને વિકાસશીલ રાષ્ટ્રોને નાણાંની સુલભતા મળે તે સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ અને સંકલનને મજબૂત બનાવવું મહત્વપૂર્ણ છે.

**-----------------------------------------------------------------------------------------------**

## PM –કેન્દ્ર સરકારના 11 વર્ષ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ભારતીય ખેડૂતોના કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. કેન્દ્રમાં **NDA** સરકાર **11** વર્ષ પૂર્ણ કરી રહી છે, ત્યારે શ્રી મોદીએ જણાવ્યું હતું કે વિવિધ સરકારી પહેલોએ ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો કર્યો છે અને કૃષિ ક્ષેત્રના એકંદર પરિવર્તનને પણ સુનિશ્ચિત કર્યું છે.

**-----------------------------------------------------------------------------------------------**

## મુખ્યમંત્રી-વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગરમાં **430** કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે માત્ર શહેરીજનો નહીં

**પરંતુ છેવાડાના માનવી સુધી સુખાકારીઓ પહોચાડવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. તેમણે ઉમેર્યું કે શહેરી વિકાસ વર્ષ તરીકે આ વર્ષના અંદાજપત્રમાં 30 હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો 11 વર્ષનો કાર્યકાળ સેવા, સમર્પણ અને સુશાસનનો બની રહ્યો છે.**

**આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા અને સાંસદ પૂનમબેન માડમ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.**

---------------------------------------------------------------------------------------------------------

## NSS શિબિર:

**અમદાવાદ સ્થિત** ગુજરાત વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય સેવા યોજના NSSની રાષ્ટ્રીય એકતા શિબિરના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતે 'કુલાધિપતિ શિષ્ય અભ્યાસ લબ્ધિ' -કુશલ યોજનાના પ્રતીકનું અનાવરણ કર્યું. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાપીઠના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમના શૈક્ષણિક ઉત્કર્ષને નવી દિશા આપવાનો છે. આ યોજના અંતર્ગત, આગામી શૈક્ષણિક વર્ષ 2025-26થી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રતિવર્ષ 100 તેજસ્વી અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને 'કુલાધિપતિ શિષ્યવૃત્તિ' એનાયત કરવામાં આવશે. આ મહત્વકાંક્ષી યોજના માટે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા વાર્ષિક 10 લાખ રૂપિયાની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------------------

## અર્થકોન-2025:

કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, દેશમાં બાંધકામ ક્ષેત્ર સૌથી વધુ રોજગારી આપે છે. અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી મેદાનમાં અર્થકોન- 2025માં ગુજરાત નિર્માણ પુરસ્કાર સમારોહ દરમિયાન શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. આ પ્રસંગે તેમણે બાંધકામ ક્ષેત્રમાં વિવિધ રીતે યોગદાન આપનાર સંસ્થાઓ અને વ્યક્તિઓને પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા. તેમણે

જણાવ્યું કે બાંધકામ કે અન્ય ક્ષેત્રમાં સમાજના દરેક વર્ગના લોકો એક સાથે જોડાય તો ભારત @2047ના નિર્માણને વેગ મળશે.

---

## નમો ભારત રૈપીડ રેલ:

મુસાફરોની સુવિધા માટે ટ્રેન સંખ્યા અમદાવાદ-ભુજ-અમદાવાદ નમો ભારત રૈપીડ રેલને આવતીકાલ 9 જૂનથી અમદાવાદના આંબલી રોડ અને સાણંદ સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ અપાશે. આ વધારાના સ્ટોપેજને કારણે આ ટ્રેનના કેટલાક મથકો પર આગમન/પ્રસ્થાનના સમયમાં આંશિક પરિવર્તન થશે.

આવતીકાલ 9 જુન થી અમદાવાદ-ભુજ નમો ભારત રૈપીડ રેલ અમદાવાદથી સાડા પાંચ વાગ્યાને બદલે 5 વાગીને 25 મિનિટે ઉપડશે તથા આગમન અને પ્રસ્થાનનો સમય સાબરમતી, ચાંદલોડિયા, આંબલી રોડ, સાણંદ, વિરમગામ, ધ્રાંગધ્રા તથા હળવદ મથક પર નિર્ધારિત સમય કરતાં બે મિનિટ મોડી પહોંચશે, તથા અન્ય મથકો પર સમયમાં કોઈ ફેરફાર નહીં થાય.

---

## કોરોના:

રાજ્યમાં કોરોનાના વધતા કેસ વચ્ચે, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે નાગરિકોને ખાતરી આપી કે ગભરાવાની કોઈ જરૂર નથી. તેમણે જણાવ્યું હતું કે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા પણ સૂચવવામાં આવ્યું છે તેમ, વાયરસ હળવો છે. તેમણે શરદી અને ઉધરસ જેવા લક્ષણો ધરાવતા લોકોને સાવચેતી રાખવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે સરકાર પાસે દવાઓ અને ઓક્સિજન પુરવઠો પૂરતા પ્રમાણમાં છે.

---

## લોક રક્ષક દળ:

લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ થવાના ગઈકાલથી શરૂ થયા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી 15મી જૂને આ પરીક્ષા લેવાશે. અગાઉ રાજ્યના 15 કેન્દ્રો પર શારીરિક કસોટીનું આયોજન કરાયું હતું. જેમાં 12 હજારથી વધુ જગ્યા માટે 2 લાખ 47 હજારથી વધુ ઉમેદવારોએ શારીરિક પરીક્ષા પાસ કરી હતી.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

જિલ્લામાં ફરી એકવાર ગરમી-ઊકળાટનું પ્રમાણ વધ્યું છે. ગઈકાલે  41.8 ડિગ્રી સાથે અંજાર-ગાંધીધામ વિસ્તાર સતત બીજા દિવસે રાજ્યના ગરમ મથકમાં મોખરે રહ્યા હતા. જિલ્લા મથક ભુજમાં સતત બીજા દિવસે મહત્તમ તાપમાન 39 ડિગ્રી રહ્યુ હતું. નલિયામાં 35.5 અને કંડલા પોર્ટમાં 36.1 ડિગ્રી મહત્તમ  તાપમાન નોંધાયુ હતું.

---------------------------------------------------------------------------------------------------